# કોરોના બેકાબુ : તંત્ર લાચાર : નવા ૧૯૯ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૩૬, દહેગામમાં ૬, કલોલમાં ૨૪ કેસ તો માણસામાં ૧૫ કેસ : બે નાના બાળકો પણ સંક્રમિત થયા : શહેરમાં આજે સે. ૨ માં ૧૪, સે. ૪ માં ૧૨, સે. ૨૬ માં ૧૦, કુડાસણમાં ૧૦, વાવોલમાં ૯, રાંધેજામાં ૮, સે. ૭ માં ૭, પેથાપુરમાં અને સે. ૩૦ માં ૬-૬ કેસ, સે. ૨૨ માં પાંચ કેસ, રાંદેસણમાં ૪ કેસ, સે. ૮ અને સે. ૨૦ માં ૩-૩ કેસ તેમજ સે. ૨૩, ૯ અને બોરીજ ગામેથી ૨-૨ કેસ ઉપરાંત જીઈબી, સુઘડ, રાયસણ, સરગાસણ, ધોળાકુવા, સે. ૧૪ અને સે. ૨૮ માંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં કોરોના બેકાબુ બન્યો છે. જિલ્લામાં આજે ૧૯૯ કેસ નોંધાતાં તંત્ર સાવ લાચાર બની ગયું છે. જિલ્લામાં કોરોનાને કારણે અર્થતંત્રની કેડ પણ તુટી જવા પામી છે.

કોરોનાના વધતા જતાં સંક્રમણને કારણે તંત્ર પણ હવે લાચાર બન્યુ છે એટલુ જ નહિ સિવિલમાં સ્થિતિ વધુ વણસી છે. લોકોને વ્હીલચેર, સ્ટ્રેચર પર સારવાર શરૂ કરવામાં આવી છે. તંત્રએ આજે સાંજે વધુ ૪ ખાનગી હોસ્પિટલોમાં ૪૬ જેટલી પથારીની સુવિધા સાથે ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે મંજૂરી આપતા હુકમો જારી કર્યા છે.

એક પણ ખાનગી કે સરકારી હોસ્પિટલમાં બેડ ખાલી નથી. ઓકસીજન અને વેન્ટીલેટરની પણ ડિમાન્ડ પણ વધવા પામી છે. રેમડેસિવિરના ઈન્જેકશનોની ભારે અછત વર્તાઈ રહી હોવાથી લોકો હવે કલેક્ટર કચેરીએ તેના માટે દોડતા થયા છે.

ગાંધીનગર શહેરમાં આજે મનપાએ મહામારીના આ સમયમાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ સંભાળી લીધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અગાઉ નહિ નોંધાયેલા કેસોને ડિસ્ચાર્જની યાદીમાં બતાવી આંકડાઓની માયાજાળ રચવાના તંત્રના અભિગમ સામે ચોમેરથી ફિટકારની લાગણી ઉભી થઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં એક પણ દિવસમાં ૯૧ કેસ નોંધાયાંનું અત્યાર સુધી તંત્રએ દર્શાવ્યુ નથી અને આજે ૯૧ દર્દીને ડિસ્ચાર્જની યાદીમાં દર્શાવાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૧ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૬ કેસ, ગાંધીનગરમાં ૩૬, કલોલમાં ૨૪ જયારે માણસામાં ૧૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે બાળકો સંક્રમિત થયા છે. ગાંધીનગર તાલુકાના સરઢવમાં ૮ વર્ષનું બાળક અને શેરથામાં ૪ વર્ષની બાળકી સંક્રમિત થઈ છે. બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ૩૧ મહિલા દર્દીઓ, સાત ખેડૂત, ૬ વિદ્યાર્થી, ૧૩ કર્મયોગી પણ સંક્રમિત થયા છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં ૧૨ જેટલા દર્દીઓને સઘન સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં એક કેસ અર્બન વિસ્તારમાં નોંધાયો છે. ધારીસણામાંથી બે કેસ મળ્યા છે. આ ઉપરાંત ધનીયોલ, હાલીસા અને સાણોદા ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

કોરોના માટે અત્યંત સંવેદનશીલ બનેલ ગાંધીનગર તાલુકામાં કોરોનાને નિયંત્રીત કરવામાં તંત્ર સાવ ઉણુ ઉતર્યુ છે. શરૂઆતથી જ આ તાલુકામાં કોરોના બેફામ હતો પરંતુ તંત્ર પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાની ગુલબાંગો પોકારી રહ્યુ હતુ. લોકોની કોઈ વાત કે રજુઆતને તંત્રએ ગંભીરતાથી લીધી જ ન હતી. તાલુકામાં આજે ૩૬ કેસ નોંધાયા છે.

તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં અડાલજમાં ૯ કેસ, શેરથામાં ૫ કેસ, ડભોડામાં ૩ કેસ, સરઢવ, સાદરા, મોટા ચિલોડા તેમજ મગોડી ગામેથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત આદરજ મોટી, ટીંટોડા, ધરમપુર, જાખોરા, લેકાવાડા, નવા પાલજ, ગલુદણ, લીમ્બડિયા, વડોદરામાંથી પણ કેસ મળી આવેલ છે. બી.એસ.એફ. આલમપુર ખાતેથી પણ બે કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કોરોનાએ ફરી એકવાર તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યુ છે. કલોલમાં આજે ૨૪ કેસ નોંધાયા છે. જેમાં કલોલ અર્બન વિસ્તારમાંથી જ ૧૩ કેસ નોંધાયા છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૫ કેસ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૮ કેસ નોંધાયા છે.

કલોલના સઈજ ગામેથી ૬કેસ નોંધાયા છે. આ ઉપરાંત બોરીસણા, પલીયડ, પ્રતાપપુરા, મુબારકપુર અને સોજા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે ૧૫ કેસ નોંધાયા છે. માણસામાં કેસો વધી રહ્યા છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

માણસા અર્બનમાંથી આજે પાંચ કેસ નોંધાયા છે જેમાં ૪ મહિલા દર્દી છે. આ ઉપરાંત લોદરા ગામેથી પણ બે કેસ મળી આવેલ છે.

તાલુકાના આજોલ, બાપુપુરા, સમૌ, સૌલેયા, વેડા, રીદ્રોલ, ઈશ્વરપુરા અને વ્યાસપાલડી ગામેથી કેસો મળી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૯૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૧૨૧ વ્યક્તીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬૧ દર્દીઓ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે ૮૮૨૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ લોકોની સંખ્યા સતત વધી રહી છે જે તંત્ર આંકડાની માયાજાળ કરી રહ્યાનો પુરાવો હોવાની વાતો લોકજીભે થઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાએ આજે તેની સદી કેસોમાં પુરી કરી અને પોતે કેટલો વિકરાળ છે તેનો પુરાવો આપ્યો છે. શહેરમાં નવા ભેળવવામાં આવેલ ગ્રામ્ય વિસ્તારમાં ૪૮ જેટલા કેસ નોંધાયા છે. જો કે શહેરમાં આજે કુલ ૧૧૮ કેસ નોંધાયા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધતાં જ તંત્રની દોડધામ વધી જવા પામી છે. શહેરમાં આજે ૧૦ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત ઉભી થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એકાઉન્ટન્ટ, એલ.આઈ.સી.નો કર્મયોગી, હેડ પોષ્ટ ઓફિસ કલોલનો કર્મયોગી, પોષ્ટનો કર્મયોગી, સરકારી અધિકારી, નમકીનનો વેપારી, એન્જીનીયર, સોફટવેર એન્જીનીયર, પ્રિન્ટીંગ પ્રેસ સાથે સંકળાયેલ વ્યક્તી, કોમ્પ્યુટર ઓપરેટર, જીઈબીનો કર્મયોગી, આઈ.ટી. મેનેજર, જુનિ. ક્લાર્ક, ફેબ્રીકેશનનું કામ કરતી વ્યક્તી, ઓફસેટ પ્રેસના કર્મચારી, સહયોગ સંકુલમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા કર્મયોગી, હિટાચી કંપનીમાં મેનેજર તરીકે સેવા આપતા કર્મચારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં વધતા જતા સંક્રમણને પગલે તંત્રએ પણ આવશ્યક ના હોય તો ઘરની બહાર ના જવુ અને માસ્ક ફરજીયાત પહેરવુ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાની અપીલને દોહરાવી છે.

શહેરમાં આજે સે. ૨ માં ૧૪, સે. ૪ માં ૧૨, સે. ૨૬ માં ૧૦, કુડાસણમાં ૧૦, વાવોલમાં ૯, રાંધેજામાં ૮, સે. ૭ માં ૭, પેથાપુરમાં અને સે. ૩૦ માં ૬-૬ કેસ, સે. ૨૨ માં પાંચ કેસ, રાંદેસણમાં ૪ કેસ, સે. ૮ અને સે. ૨૦ માં ૩-૩ કેસ તેમજ સે. ૨૩, ૯ અને બોરીજ ગામેથી ૨-૨ કેસ ઉપરાંત જીઈબી, સુઘડ, રાયસણ, સરગાસણ, ધોળાકુવા, સે. ૧૪ અને સે. ૨૮ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં વધતા જતા સંક્રમણને પગલે તંત્રની દોડધામ અને ચિંતામાં પણ વધારો થયો છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જાળવનારાઓ સામે આગામી દિવસોમાં આકરા પગલાં લેવાનો નિર્ણય તંત્ર વાહકોએ કર્યો છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૭૦૦ના આંકને પાર કરી ગઈ છે તેમજ એક્ટીવ કેસની સંખ્યા પણ ૭૦૦ ને પાર કરી ગઈ છે. શહેરમાં આજે ૧૨ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## સિવિલ તંત્ર દ્વારા કોરોના દર્દીઓ માટે આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો હાહાકાર છે. ગાંધીનગરમાં રોજ કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. પાટનગરની ૬૦૦ બેડની કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડમાં દર્દીઓ જોવા મળી રહ્યા છે. જયારે બીજીતરફ ખાનગી હોસ્પિટલના પણ તમામ બેડ હાઉસફુલ છે અને વેઈટીંગમાં દર્દીઓ સારવારની રાહ જોઈને બેઠા હોય તેવો માહોલ છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ કોરોના સ્થિતિ બેકાબુ બનતા ઓકિસજનની જરુરીયાત વાળા દર્દીઓને એડમીટ કરવામાં આવતા ન હતા. પરંતુ હવે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાંથી કોઈ પણ દર્દી સારવાર વિના ન પરત ન ફરે અને દરેક દર્દીને યોગ્ય સમયે સારવાર મળી રહે તે માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સિવિલના સત્તાધિશો ૬૦૦ બેડની કોવીડ હોસ્પિટલમાં દરેક વોર્ડનો રાઉન્ડ લે છે. આ દરમિયાન કેટલાક દર્દીઓને ઓકિસજનની જરુરીયાત ન હોય તેમજ કેટલાક દર્દીઓ સ્વસ્થ બની ગયા હોય તેવા દર્દીઓને કોલવડા ખાતે મોકલવામાં આવે છે. જેથી હોસ્પિટલની ઓપીડીની બહાર કે ૧૦૮ માં બેડની રાહ જોઈ સારવાર લેતા હોય તેવા દર્દીને બેડ ખાલી થાય તેટલી સંખ્યામાં અન્ય નવા કોરોના દર્દીઓનો સમાવેશ કરી સારવાર આપી શકાય. તે ઉપરાંત અન્ય નવીન જગ્યાએ વોર્ડ ઉભો કરવાની પણ તૈયારીઓ ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે.



## મુક્તિધામ ખાતે આજે પણ કોરોનાના ૩૫ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર, તા. ૧૯

કોરોનાના કહેર વચ્ચે શહેરમાં સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધતી રહે છે. જયારે કોરોનાના લીધે મોતને ભેટતા દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક છે. રોજબરોજ મૃત્યુના નવા આંકડાઓ સામે આવે છે. જયારે હોસ્પિટલની સાથે સ્મશાનમાં પણ કરૂણ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આજે પણ શહેરમાં કોરોનાના લીધે ૩૫ દર્દીઓના મોત નિપજયા છે. ગઈકાલે પણ શહેરના મુક્તિધામ ખાતે ૩૫ મૃતકોની અંતિમવિધી કરવામાં આવી હતી. જયારે આજે પણ કોરોનાના લીધે આજે પણ શહેરના મુક્તિધામ ખાતે ૩૫ મૃતકોનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. જયારે દિવસ દરમિયાન અન્ય દર્દીઓ મળીને મુકિતધામમાં કુલ ૫૬ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામા આવ્યા હતા.

## હોસ્પિટલમાં જગ્યા ન મળી હવે ઈન્જેકશન પણ નહી

ગાંધીનગર, તા. ૧૯

કોરોના મહામારીના કપરા કાળમાં એકબાજુ હોસ્પિટલમાં જગ્યા ખુટી પડી છે...અમારા પરિવારજનોને ઘરમાં જ સારવાર આપવા માટે અમે મથી રહ્યા છે. ત્યારે હવે અમારા પરિવારના દર્દીઓ માટે રેમડેસિવિર ઈન્જેકશન પણ મળતા ન મળતા તેમને મોતના મુખમાં ધકેલી દેવા મજબુર બન્યા છીએ.. હોસ્પિટલમાં હાલ જગ્યા મળતી નથી આવા સંજોગોમાં શહેરમાં ઘરે વ્યવસ્થા કરી કોવિડ સામે સતત લડત આપતા દર્દીઓની હાલત અત્યંત કફોડી બનતી જાય છે. હોસ્પિટલની સારવાર તેમને નસીબ થતી નથી જયારે રેમડેસિવિર ઈન્જેકશન પણ મળતા ન હોવાથી દર્દીઓના સગાસંબંધીઓ લાચાર બની પોતાની મનોવેદના ઠાલવી રહ્યા છે. ઘરે સારવાર લેતા દર્દીઓને કોણ ઈન્જેકશન આપશે.. કયાંથી મળશે ..તે વાતથી પણ અજાણ દર્દીઓના સગા સબંધીઓ ઠેર ઠેર ઠોકર ખાઈ રહ્યા છે. ગાંધીનગરમાં અન્ય શહેરની જેમ વ્યવસ્થા ગોઠવાઈ નથી. કોરોનાના કપરા કાળમાં દિવા તળે અંધારુ છે.

કોરોનાની મહામારીના કપરા સમયમાં એકબાજુ સરકાર લોકડાઉન આપતી નથી બીજીતરફ સંક્રમિત દર્દીઓનો હોસ્પિટલમાં જગ્યા મળતી નથી. દવા તેમજ ઈન્જેકશન અને ઓક્સિજનના અભાવે પણ દર્દીઓ મોતને ભેટી રહ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. રેમડેસિવિર ઈન્જેકશન હોસ્પિટલમાં દાખલ દર્દીઓને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનુ સરકાર જણાંવે છે. ત્યારે હોમ આઈસોલેશનમાં સારવાર લેતા દર્દીઓને હોસ્પિટલમાં બેડ નસીબ થતા નથી એટલુ જ નહીં પરંતુ ઘરે સારવાર લેતા દર્દીઓનો ઓક્સિજન સુન્ન થઈ જાય અને તાવ ઉતરતો ન હોય તેવા કિસ્સામાં પણ ગંભીર તકલીફ ધરાવતા દર્દીઓને રેમડેસિવિર ઈન્જેકશન લેવા માટે ઠેર ઠેર આજીજી કરવી પડે છે. હાલ ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાંથી વિવિધ હોસ્પિટલમાં ઈન્જેકશનનો જથ્થો ફાળવવામાં આવે છે. પરંતુ હોમ આઈસોલેશનમાં જીવન મરણ વચ્ચે જોલા ખાતા દર્દીઓની હાલત હજુ કફોડી છે. આવા દર્દીઓને ડોકટરના સુચવ્યા બાદ પણ ઈન્જેકશન મળતા નથી. હોસ્પિટલમાં બેડની સુવિધા વિના ડોકટરોની પાસે ઘરે જ સારવાર લેતા દર્દીઓની વ્યથા સમજવાના બદલે તંત્ર નિષ્ઠુર બન્યુ છે. ઘરે સારવાર લેતા દર્દીઓને ઈન્જેકશન માટે વલખા મારવા પડે છે. હાલ ઈન્જેકશનનો જથ્થો સપ્લાય કરવામાં આવ્યા બાદ હોસ્પિટલોની જરૂરિયાત મુજબ ફાળવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ ઘરે સારવાર લેતા દર્દીઓને ઈન્જેકશન પુરા પાડવા માટે ગાંધીનગરમાં કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી. જેના લીધે દર્દીઓના સગાવ્હાલા રોજ સવારથી જિલ્લા કલેકટર કચેરીમાં રઘવાટમાં આંટા મારતા જોવા મળે છે. દર્દીઓના સગાસંબંધીઓ જણાંવે છે કે અમને હોસ્પિટલમાં જગ્યા મળતી નથી બીજીતરફ ઘરે સારવાર લેતા દર્દીઓને ઈન્જેકશન પણ આપતા નથી જેના લીધે અમારી મજબુરી છે કે અમારા પરિવારજનો રામ ભરોસે છે. અમારે તેમને જાણે મોતના મુખમાં ધકેલી દેવાના જ બાકી રહે છે...ઘરે સારવાર લેતા દર્દીઓના જીવ જોખમમાં મુકાયા છે. આવા સંજોગોમાં સરકારે આ માટે યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરી હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓને ઝડપથી રેમડેસેવિર ઈન્જેકશન મળી રહે તે માટે ત્વરિત વ્યવસ્થા કરવી જોઈએ. હાલ તો આ મામલે જ રાજયના પાટનગરમાં દિવા તળે અંધાર જેવી સ્થિતિ છે. દર્દીઓના પરિવારજનો લાચાર નજરે તમાશો જોઈને તેમની મનોવેદના ઠાલવી રહ્યા છે. આમછતા તેમના માટે કોઈ નક્કર વ્યવસ્થા થતી નથી.

**ગાંધીનગરમાં હોસ્પિટલમાં જગ્યા ન મળી હોય અને ઘરે સારવાર લેતા દર્દીઓની ગંભીર સ્થિતિ હોય તો પણ રેમડેસિવિરના ઈન્જેક્શન મળતા નથી : દર્દીઓના સગાસંબંધીઓ લાચાર બની મનોવેદના ઠાલવી રહ્યા છે : ગાંધીનગરમાં દિવા તળે અંધારુ**

## ગરમીનો મિજાજ સતત બીજા દિવસે પણ ઉગ્ર તાપમાન ૪૧ ડીગ્રી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે ગરમીનુ જોર પણ વધતા નગરજનો બેબાકળા બન્યા છે. ગરમીનો પારો આજે ગઈકાલની જેમ ૪૧ ડીગ્રીએ રહ્યો હતો જયારે સવારથી જ આકરો તાપ અનુભવતા સેકટરવાસીઓ કોરોના અને ગરમીથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહ્યા હતા શહેરમાં દિવસ દરમિયાન સુનકાર જોવા મળ્યો હતો. આજે પણ ગઈકાલની જેમ મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી રહ્યુ હતુ. સવારથી જ નગરજનોએ આકાશમાંથી અંગારા વરસતા હોય તેવો અહેસાસ કર્યો હતો બપોરના સમયે ચામડીને દાહ આપતા તાપથી બચવા નાગરિકો ટોપી અને મોં પર માસ્ક ઉપર રૂમાલ બાંધીને જતા નજરે પડયા હતા. કોરાનાના કહેર વચ્ચે ગરમીનો મિજાજ પણ ઉગ્ર બનતા શહેરીજનો હવે આમ પણ અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. જયારે નગરના શોપિંગ બજારોમાં પણ દવા અને કરિયાણા શાકભાજી સિવાય અન્ય ચીજવસ્તુઓની દુકાનો પર સન્નાટો જોવા મળી રહ્યો છે.

## કોરોના સંક્રમણનો બીજો તબક્કો ઘાતક કેમ બન્યો? પહેલો કેસ મહારાષ્ટ્રમાં નોંધાયો હતો

### સ્પાઈક પ્રોટીનની મદદથી વાયરસ હ્યુમન સેલમાં ચોંટી જાય છે અને શરીરના વિવિધ અંગો પર એટેક કરે છે, ડબલ મ્યુટેશનની શંકા

ગાંધીનગર, તા.૧૯

ભારતમાં કોરોના સંક્રમણનો બીજો તબક્કો કે લહેર ઘાતક કેમ બની છે તે અંગે સંશોધન ચાલી રહ્યું છે તજજ્ઞોના પ્રાથમિક તારણ પ્રમાણે કોરોના વેરિયન્ટ બી.૧.૬૧૭ તેના માટે કારણભૂત હોઈ શકે છે, કારણ કે આ વેરિયન્ટમાં એક નહીં પણ બે મ્યુટેશન જોવા મળે છે.

તજજ્ઞોના મતે ઈ૪૮૨ક્યુ અને એલ૪૫૨આર એમ બે મ્યુટેશન વાયરસના સ્પાઈક પ્રોટીનમાં જોવા મળ્યા છે. આ સ્પાઈક પ્રોટીનની મદદથી વાયરસ હ્યુમન સેલમાં ચોંટી જાય છે અને વિવિધ અંગો પર અસર કરે છે. સંશોધનમાં એવું સામે આવ્યું છે કે ગયા ઓક્ટોબર મહિનામાં આ વેરિયન્ટનો પહેલો કેસ મહારાષ્ટ્રમાં સ્ટ્રેસ કર્યો હતો. વેરિયન્ટ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)ને રિપોર્ટ કરવામાં આવ્યો છે.

મ્યુટેશન એટલે કે વાયરસનું બંધારણ અથવા તો સ્વરૂપ. ઈવોલ્યુશનરી બાયોલોજી પ્રમાણે કોઈપણ વાયરસ સમયની સાથે તેના સ્વરૂપને બદલે છે. કેટલાક મ્યુટેશન વાયરસને નબળો પાડે છે તો કેટલાક મ્યુટેશન વાયરસને શક્તિશાળી બનાવે છે.

તજજ્ઞોએ સૌથી ચોંકાવનારી બાબત એવી બતાવી છે કે ડબલ મ્યુટેશનનો વાયરસ ખુલ્લી હવામાં ઓછો પરંતુ બંધ રૂમમાં વધુ ફેલાય છે. એટલે કે સાવચેતીની સાથે વેન્ટીલેશનની પણ આવશ્યકતા છે. ઓફિસ કે ઘરમાં જયારે એરકન્ડીશનર ચાલુ હોય ત્યારે વેન્ટીલેશનની સુવિધા હોવી જરૂરી છે. હોસ્પિટલમાં સૌથી વધુ ચેપ લાગવાનું જોખમ ઉભું થઈ શકે છે, કેમ કે હોસ્પિટલોમાં વેન્ટીલેશનની સુવિધા ઓછી જોવા મળે છે.

ગુજરાતના ખ્યાતનામ હાર્ટ સર્જન ડો. તેજસ પટેલે પણ કહ્યું હતું કે વેક્સિનેશન, માસ્ક અને વેન્ટીલેશન હોવું જરૂરી છે થોડાં સમય પહેલાં ગુજરાતના સર્જનોએ મિડીયા સાથે ચર્ચા કરી હતી ત્યારે તેઓએ પણ કહ્યું હતું કે આ યુકેનો સ્ટ્રેઈન હોઈ શકે છે, જેણે યુકેમાં તબાહી મચાવી હતી. અત્યાર સુધીમાં દેશના ૧૦ રાજ્યોમાં આ વેરિયન્ટ જોવા મળ્યો છે જે પોઝિટીવ કેસોને ઝડપથી વધારી રહ્યો છે.

## રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કરો : વસાહત મહાસંઘ

રાજ્યમાં કોરોના મહામારીની સર્જાયેલી વિકટ પરિસ્થિતિને અનુલક્ષીને રાત્રી કરફ્યુ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૫૦ ટકા હાજરી તથા પાન-મસાલાના ગલ્લા પર પ્રતિબંધ જેવા પગલાં લેવામાં આવ્યાં છે. આ સાથે અનેક વેપારી એસોસિએશને સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યુ છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે દેશમાં કોરોના વાયરસની બીજી લહેર ભયાનક સ્વરૂપે ધારણ કરી ચુકી છે અને એક તરફ દર્દીઓને બેડ નથી મળતા અને બીજી તરફ દિન પ્રતિદિન અનેક નાગરિકો કોરોના સંક્રમણમાં સપડાઈ રહ્યાં છે ત્યારે આ સ્થિતિમાં આંશિક કરફ્યુ કે નાના-મોટા પ્રતિબંધોને બદલે રાજ્ય સરકારે અન્ય રાજ્યોની જેમ સંપૂર્ણ લોકડાઉન કરીને કોરોના સંક્રમણની ચેઈન તોડવા પ્રયાસ કરવો જોઈએ જેથી નાગરિકોનું સ્વાસ્થ્ય જળવાય અને કોરોનાને કાબુમાં લઈ શકાય.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com